सत्यमेव जयते

:: નમુના – અ :: આંક–

**બગસરાના મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું.બગસરા.**
**ચુકાદાની તારીખ :૨૭/૦૧/૨૦૨૫**
**ફોજદારી કેસ નં.૧૬૪/૨૦૨૪**

:: ગુનાની વિગત ::

| | |
|---|---|
| ગુનાની કલમ | ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮,૧૪૨ |
| પ્ર.માહિતી અહેવાલ નંબર | – |
| પોલીસ સ્ટેશન | – |
| ફરીયાદી પક્ષ | **શ્રી સ્વસ્તીક નાગરીક શરાફી સહકારી મંડળી લી.બગસરા શાખાના વીરજીભાઈ રૂપાભાઈ ચાવડા,**<br>ઉ.વ.આ.૩૨, ધંધો – નોકરી,<br>રહે.બગસરા, તા.બગસરા, જી.અમરેલી. |
| રજુઆત | વિ.વ.શ્રી એ.એચ.પંડયા |
| આરોપી પક્ષ | **દમયંતીબેન ધનશ્યામભાઈ સિંધવ,**<br>ઉ.વ.આ.૬૦, ધંધો–બ્યુટી પાર્લર,<br>રહે.એ/૪૦૩,શુકન સાઈન સીટી, જીએસટી ક્રોસીંગ પાસે, અન્યુ રાણીપ અમદાવાદ મો.નં.૭૯૮૪૦૯૩૦૩૧ |
| રજુઆત | વિ.વ.શ્રી ડી.એસ.ખીમસુરીયા |

:: નમુના –બ ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | – |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | – |
| આખરી અહેવાલની તારીખ | – |
| આરોપીની પ્લી નોંધ્યા તારીખ | ૨૧/૦૫/૨૦૨૪ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૧૨/૦૯/૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૭/૦૧/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૨૭/૦૧/૨૦૨૫ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | |

## :: આરોપીની વિગત ::

| આરોપી નો અનુક્રમ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામા આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા સંહિતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | દમયંતીબેન ઘનશ્યામભાઈ સીંઘવ | – | – | ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮,૧૪૨ અન્વયે | સજા કરી | છ માસ | –– |

## :: નમુના –ક::

### ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

અ.ફરીયાદી પક્ષ

| અનુ.ક્ર | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | ફરીયાદી વીરજીભાઈ રૂપાભાઈ ચાવડા | સરતપાસનુ સોગંદનામું |

બ.બચાવ પક્ષ

| અનુ.ક્ર | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | –– | –– |

ક.ન્યાયાલય

| અનુ.ક્ર | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | –– | –– |

### ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

અ.ફરિયાદ આંકની યાદી

| અનુ.ક્ર | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૩ | ફરીયાદીને ફરીયાદ કરવાનો અધિકાર આપતો ઠરાવ નં.૮ |
| ૨ | ૧૪ | આરોપીએ કરેલ ધિરાણ લેવા માટેની અરજી |
| ૩ | ૧૫ | આરોપીએ લખી આપેલ ધિરાણનો કરાર |
| ૪ | ૧૬ | આરોપીના જામીનએ લખી આપેલ જામીન કરાર |
| ૫ | ૧૭ | આરોપીએ લખી આપેલ કરજ ખત |
| ૬ | ૧૮ | આરોપીએ લખી આપેલ પ્રોમીસરી નોટ |
| ૭ | ૧૯ | અસલ તકરારી ચેક |
| ૮ | ૨૦ | ચેક જમા કર્યાની સ્લીપ |
| ૯ | ૨૧ | ચેક રીટર્ન મેમો |
| ૧૦ | ૨૨ | આરોપીને આપેલ નોટીસ |
| ૧૧ | ૨૩ | રજી. એ. ડી. કર્યા અંગેની પહોંચ |
| ૧૨ | ૨૪ | નોટીશનું પરત ફરેલ અસલ કવર |

બ.બચાવ આંકની યાદી

| અનુ.ક્ર | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | –– | –– |

ક.ન્યાયાલય આંકની યાદી

| અનુ.ક્ર | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | -- | -- |

ડ.ભૌતિક પદાર્થ

| અનુ.ક્ર | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | -- | -- |

-: ચુકાદો :-

૧. ફરિયાદપક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે,આ કામના ફરીયાદી શ્રી સ્વસ્તિક નાગરીક શરાફી સહકારી મંડળી લી. બગસરા શાખામાં મેનેજર તરીકે ફરજ બજાવે છે.જેથી હાલની ફરીયાદ કરવા માટે તેમને અધિકાર આપવામાં આવેલ છે તેમની મંડળી સહકારી કાયદા નીચે સ્થપાયેલ અને રજી. થયેલ છે.જેમાં નાણાનુ ધીરધાર કરવામાં આવે છે.આરોપી ફરીયાદી મંડળીના સભાસદ છે અને તેણે ચેકથી ધિરાણ લોન લીધેલ છે.આરોપીએ ફરીયાદીની મંડળીમાંથી ચેક ધિરાણથી લોન ખાતા નં.૨૯૫થી તા.૨૧/૦૧/૨૦૨૦ના રોજ રૂા.૨,૦૦,૦૦૦/- પુરાનુ લોન/ ધિરાણ લીધેલ છે.આ ધિરાણ વ્યાજ સહિત ફરીયાદી મંડળીને પરત આપવાનુ હતું. આ ધિરાણની ચડત રકમના હપ્તાઓ પૈકીની રકમ જમા આપવા ફરીયાદીની મંડળીનો રૂા.૧,૫૪,૦૧૦/-નો ચેક નં.૦૭૧૮૫૯નો ભારતીય સ્ટેટ બેંક બગસરા શાખાનો પાકતી તા.૨૦/૧૨/૨૦૨૩ નો તા.૧૫/૧૨/૨૦૨૩ના રોજનો ચેક ફરીયાદી મંડળીના નામજોગ આરોપીએ સહી કરીને આપેલ હતો.સદરહુ ચેક આપતી વખતે ચેક સ્વીકારાય જશે તેવો ફરીયાદી મંડળીને વિશ્વાસ અને ભરોસો પણ આપેલ હતો. ફરીયાદી મંડળીએ સદરહુ ચેકના નાણા મેળવવા માટે અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.બગસરા શાખામાં તા.૨૦/૧૨/૨૦૨૩ના રોજ સદરહુ ચેક વટાવવા નાખતા ચેક તા.૨૧/૧૨/૨૦૨૩ના રોજ રીટર્ન મેમા શેરા નં.૦૧ અપુરતી રકમના શેરા સાથે પરત ફર્યાના મેમા સાથે વણચુકવ્યો પરત ફરેલ છે. ત્યારબાદ ફરીયાદીએ આરોપીને તા.૧૨/૦૧/૨૦૨૪ના રોજ તેમની મંડળીના વકીલ મારફતે રજી. એ.ડી. નોટીસ આપેલ છે જેમાં દિન ૧૫માં ચેકની રકમ ચુકવવા જણાવેલ છે. જે રજી.એ.ડી.ની નોટીસનું કવર તા.૧૫/૦૧/૨૦૨૪ના રોજ Incorrectના શેરા સાથે પરત ફરેલ છે.આરોપીએ નોટીસમાં માંગણી કર્યા મુજબની રકમ

ફરીયાદીને આજદિન સુધી જમા આપી નથી. આમ,આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ભરપાઇ કરેલ નથી. આથી ફરીયાદીને હાલની ફરીયાદ લાવવાની ફરજ પડેલ છે અને સબબ ફરીયાદ લાવી દાદ માંગેલ છે કે,

**૧.૧** સદરહું ફરીયાદ નામ. કોર્ટ નોંધે અને આ કામના આરોપી સામે નેગો.ઈ.એકટની કલમ–૧૩૮ અને ૧૪૨ હેઠળ પગલા લઈ આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવા તેમજ મોટી રકમનો દંડ કરવા અરજ કરેલ છે.

**૧.૨** ફરીયાદીને થઈ રહેલ નુકસાન,વ્યાજ,ખાધ,ખર્ચ વિગેરેના વળતરરૂપે ચેકની રકમથી બમણી રકમ સુધીનુ વળતર પણ આરોપી પાસેથી તેઓને અપાવવા અરજ કરેલ છે.

**૧.3** ફરીયાદીના લાભમાં હરકોઈ હુકમ કરવા અરજ કરેલ છે.

- આ કામે સાક્ષી તરીકે

**૧.** ફરીયાદી પોતે

૨. આ કામે ફરીયાદીશ્રીએ ઉપરોકત હકીકતવાળી ફરીયાદ રજુ કરતા મારા પુરોગામી મેજીસ્ટ્રેટશ્રી દ્રવારા ફરીયાદીનું સોંગદનામુ ધ્યાને લઇ,ફરીયાદ રજીસ્ટરે કરવાનો હુકમ કરી, ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૦૪ અન્વયે,આરોપી વિરુધ્ધ ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ અન્વયેના ગુના સબબનો સમન્સ ઇશ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.

૩. આ કામે સબંધીત અદાલત દવારા આરોપીએ સમન્સ ઇશ્યુ કરવામાં આવેલ જેની બજવણી થઇ જતા આરોપી હાજર થતા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે આરોપીને ફરીયાદ અને ફરીયાદ સાથે રજુ કરવામાં આવેલ દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવેલ ત્યાર આરોપીની આંક–૦૯થી પ્લી લેવામાં આવેલ જેમા આરોપીએ તેમની સામે આક્ષેપીત ગુનાનો ઇન્કાર કરેલ છે અને હાલના કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનું આરોપીએ પસંદ કરેલ છે.આથી સદર કેસ ફરીયાદપક્ષના પુરાવા પર મુલ્તવી રાખવામાં આવેલ.

૪. આ કામે ફરીયાદપક્ષે પુરાવો રજુ થયા બાદ આંક –૨૬થી ફરીયાદપક્ષે પુરાવો પુરો થયાની પુરસીસ આપી વધુ પુરાવો રજુ ન કરવા તથા તેઓનો પુરાવો પુરો થયાનું જણાવેલ છે.આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરી તેઓ નિર્દોષ છે અને તેઓ પર નોટીશની બજવણી થયેલ ન હોય અને લોનના દસ્તાવેજો અંગે તેઓ કશુ કહેવા માંગતા ન હોય અને ચેક તેમણે આપેલ ન હોય તેવું જણાવેલ છે અને તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૫. ફરીયાદીપક્ષે વિ.વ.શ્રી **એ.એચ.પંડયા**એ મૌખીક દલીલ રજુ કરી વધુમાં જણાવેલ છે કે,આરોપી વિરુધ્ધ નામ. અદાલતે સમન્સ ઈસ્યુ કરેલ અને આરોપીની પ્લી આંક–૯થી લેવામાં આવેલ છે.જેમાં આરોપીએ ગુનો કબુલ કરેલ નથી અને તેમને કેસ આગળ ચલાવવો છે.આ કામના આરોપી વિરુધ્ધ કેસ આગળ ચલાવવા માટે ફરીયાદી તરફે આંક–૩થી દસ્તાવેજી પુરાવા લિસ્ટ રજુ કરેલ છે અને આંક–૧૨થી દસ્તાવેજોને આંકે પાડવાની અરજી તથા આંક–૪થી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૪૫ ફરીયાદીનુ સરતપાસનુ સોગંદનામું રજુ રાખેલ છે. આ કામે આરોપીએ ફરીયાદી સંસ્થા પાસેથી રૂા.૨,૦૦,૦૦૦/–ની વ્યકિતગત લોન આંક–૧૪થી લોનઅરજી આપેલી અને તે બાબતનો ધીરાણનો કરાર આંક–૧૫થી રજુ કરેલ છે અને આંક–૧૬થી જમીન કરાર અને આંક–૧૭થી કરજખત રજુ કરેલ છે અને તેની પ્રોમીસરી નોટ આંક–૧૮થી રજુ કરેલ છે તે પરત ચુકવવા આરોપીએ ફરીયાદીને આપેલ અસલ તકરારી ચેક આંક–૧૯થી તેમજ ચેક બેન્કમાં જમા કર્યાની પાવતી આંક–૨૦થી તેમજ સદરહુ અપુરતા ભંડોળના શેરા સાથે પરત ફરેલ છે તે ચેક રીટર્ન મેમો આંક–૨૧થી આ કામે રજુ રાખેલ છે.ત્યારબાદ ફરીયાદીએ વકીલશ્રી મારફત આરોપીને રજી.એડી.થી આપેલ નોટીસની ઓફીસ પ્રત આંક–૨૨થી તેમજ રજી. એડી. કર્યાની પોસ્ટ ખાતાની રજી. એડી.ની સ્લીપ અસલ આંક–૨૩થી તેમજ Incorrect જે આંક–૨૪થી રજુ રાખેલ છે અને આ કામના આરોપીએ કાયદેસરની લેણી રકમની ચુકવણી કરેલ નથી.આમ,આરોપીએ ફરીયાદીની

ચેક મુજબની લેણી રકમ ચુકવવા કોઈ દરકાર કરેલ નથી કે ઉપરોકત નોટીસનો કોઈ પ્રત્યુતર પાઠવેલ નથી.જે ફરીયાદીની ઉલટતપાસ વખતે તેમણે ફરીયાદીની નોટીસ અંગે કોઈ પ્રત્યુતર રજુ કરેલ નથી.વધુમાં તેઓએ જણાવેલ છે કે, આરોપીએ ફરીયાદી પાસેથી બ્યુટીપાર્લર માટે લોન લીધેલ તે રકમ આપવા આરોપીએ ચેક આપેલ જે ચેક આંક–૧૯થી રજુ છે આરોપીને લોન મુજબની રકમ મળી ગયેલાનું આંક–૧૭ના કરજખત પરથી સાબીત થાય છે અને આરોપીએ લોનની લેણી રકમ ચુકવી આપેલ હોય તેવો કોઈપુરાવો રજુ કરેલ નથી તે અનુમાનોનું ખંડન કરેલ નથી તેથી ફરીયાદને લગતી હકીકતો તથા દસ્તાવેજી પુરાવાઓ પણ નેગો. ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૧૮થી ૧૨૨ મુજબ નામ. અદાલતે માની લેવા જોઈએ તેમજ આ કામે સદર કાયદાની કલમ–૧૩૮ની તમામ જોગવાઈઓ તથા જરુરી તત્વોનુ સંપુર્ણપણે પાલન થયેલુ હોય તથા કલમ–૧૪૨ની જોગવાઈઓનુ પણ પાલન થતુ હોય ત્યારે કાયદા મુજબની પુરેપુરી સજા અને ચેકની બમણી રકમનો દંડ તથા ફરીયાદીને વળતર અપાવવુ જોઈએ.

૬. આરોપીપક્ષે વિ.વ.શ્રી **ડી.એસ.ખીમસુરીયા**એ આંક–૩૨થી લેખીત દલીલ રજુ કરી વધુમાં જણાવેલ છે કે,આ કામે આરોપીને આ કામે નોટીશની બજવણી થયેલ નથી અને નોટીશનું કવરમાં(Incorrect)ના શેરા સાથે પરત ફરેલ હોય,આમ,કાયદાની કલમ–૧૩૮(બી)ના દાયરામાં આવતી ન હોય અને ફરીયાદી ખોટી રીતે પ્રોપર ચેનલ આવેલા ન હોય તેવા કારણોસર ફરીયાદ રદ કરી, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ અને આરોપીપક્ષે નીચે મુજબના ચુકાદાઓ પર આધાર રાખેલ છે પરંતુ આ ચુકાદાઓ રજુ કરેલ નથી.

(૧) ડી.સી.આર.૨૦૧૪(૩) પેઈઝ નં.૧૫૬

(૨) વિજયકુમાર મીશ્રા વિ. સ્ટેટ ઓફ યુપી. ડી.સી.આર.૨૦૨૦(૨) પેઈઝ નં.૭૦

૭. આ કામે ફરીયાદીની ફરીયાદની હકીકત, ફરીયાદના કામે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો, ધી નેગોશીયેબલ ઇન્સટુમેન્ટ એકટની કલમ–૧૩૮ની

જોગવાઇ તથા બંને પક્ષકારોની લેખીત દલીલો ધ્યાને લેતા ફરીયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરીયાદપક્ષ નીશંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી ફરીયાદવાળા વ્યવહાર મુજબ પૈસા ઉછીના લઈ જે કાયદેસરની લેણી નીકળતી રકમની ચુકવણી પેટે આરોપીએ હાલનો તકરારી ચેક આપેલો જે ચેક ફરીયાદીએ તેના ખાતામાં નાખતા સદરહું ચેક અપુરતા ભંડોળના શેરા સાથે પરત ફરતા ફરીયાદીએ આરોપીને રજી.એ.ડી.થી ડીમાન્ડ નોટીશ આપેલી Incorrectના શેરા સાથે પરત આવેલ તેમ છતાં આરોપીએ ચેકની રકમનું ચુકવણું નહી કરીને ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્રાઓના ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે?

મુદ્દા નં.૧ :– હકાર

મુદ્દા નં.ર :– આખરી હુકમ મુજબ

**<u>ફરીયાદીપક્ષનો મૌખીક પુરાવો</u> :–**

૯. **આ કામે ફરીયાદીપક્ષે આંક–૪થી ફરીયાદી વીરજીભાઈ રૂપાભાઈ ચાવડાનું** સરતપાસનું સોંગદનામુ રજુ કરેલ અને બચાવપક્ષ તરફે ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે,''મે કોલેજ સુધી અભયાસ કરેલો છે. એ વાત ખરી છે કે મને અંગ્રેજી,હીન્દી અને ગુજરાતી લખતા વાંચતા આવડે છે. એ વાતની મને ખબર નથી કે,આરોપી છેલ્લા ત્રણ વર્ષથી અમદાવાદ મુકામે રહે છે.એ વાત ખરી છે કે,અમારી પાસેથી કોઈ લોન લેવામાં આવે તયારે અમે તેની

પાસેથી અરજી,જામીનખત,ધીરાણખત અને પ્રોમીસરી નોટ લઈએ છીએ. એ વાત ખરી છે કે આ સીવાય અન્ય કોઈ દસ્તાવેજ અમો લોન લેનાર પાસેથી લેતા નથી. એ વાત ખરી છે કે અમોને લોન લેનાર ચેક આપી જાય ત્યારે તે બાબતનો કોઈ આધાર લોન લ ેનારને આપતા નથી. એ વાત ખરી નથી કે લોન લેનાર જો હપ્તા ન ભરે તો અમે તેના જામીનદારને નોટીશ કરીએ છીએ. એ વાત ખરી નથી કે અમોએ આ કામે જામીનદારને જાણ કરેલી નથી. મને માર્ક–૩/૮વાળી ચેક જમા કર્યાની સ્લીપ બતાવવામાં આવે છે તેમા અમારા મંડળીના કર્મચારીના હસ્તાક્ષરમાં છે. તે કયા કર્મચારીના છે તે હું ચોકકસ કહી શકુ નહી. જેને રજુ દાખલ આંક–૨૦.એ વાત ખરી નથી કે માર્ક–૩/૭વાળા ચેકમાં અને આંક–૧૯વાળા ચેક જમા કર્યાની સ્લીપના અક્ષરો એક જ છે. જે અસલ ચેક રજુ દાખલ આંક–૧૯.એ વાત ખરી નથી કે આંક–૧૯.વાળા ચેકમાં અક્ષરો અને ચેકમાં લખેલ તારીખ અલગ અલગ છે અને અલગ અલગ વ્યકિતએ લખેલા છે.**<u>મને માર્ક–૩/૧૨વાળુ કવર બતાવવામાં આવે છે તેમા આ ઈનકરેકટ તેવો શેરો કરેલ છે.જેને રજુ દાખલ આંક–૨૫.એ વાત ખરી છે કે,આંક–૨૨વાળી નોટીશ પરત આવ્યા બાદ આરોપીને અન્ય કોઈ નોટીશ સાદી ટપાલ દ્વારા કે અન્ય રીતે મોકલેલ નથી.</u>** એ વાત ખરી નથી કે આરોપીએ આવી કોઈ લોન લીધેલ નથી કે આંક–૧૯વાળો આવો કોઈ ચેક આપેલ નથી.એ વાત ખરી નથી કે મે આરોપીને લેણી રકમ બાબતે કોઈ ટેલીફોનથી જાણ કરેલ નથી.એ વાત ખરી નથી કે અમો મંડળીમા કામ કરતા હોય તેને સમર્થનમા આપવા હાલની ખોટી જુબાની આપુ છુ.

// <u>નિર્ણય અંગેના કા ર ણો</u>//

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય,હકીકતોનું પુનરાવર્તન અટકાવવા તેની એક સાથે ચર્ચા/ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ ધ્યાને લેતા,ફરીયાદ દાખલ કરતા પહેલાની પુર્વ શરતોનું પાલન થવું અનિવાર્ય છે તે સીવાય આ કલમ હેઠળ ફરીયાદ લઇ શકાય નહી કે ફરીયાદ ચાલી શકે નહી જે અંગે પ્રથમ ચર્ચા કરવી

જરૂરી જણાય છે.ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ વંચાણે લેતા.....

138. **Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.—**

Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for [a term which may be extended to two years'], or with fine which may extend to twice the amount of the cheque, or with both:

**Provided that nothing contained in this section shall apply unless—**

1. (**a**) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(**b**) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of

the said amount of money by giving a notice; in writing, to the drawer of the cheque, [within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(**c**) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

**Explanation**.—For the purposes of this section, “debt of other liability” means a legally enforceable debt or other liability.

હાલના કામે સદરહુ એકટની કલમ–૧૩૮માં પંરતુક (એ) પ્રમાણે એક છ માસમાં અથવા તો ચેકની નકકી થયેલી સમયમયાર્દામાં બેકમાં રજુ થવો જોઇએ.

જે બાબતમાં આંક–19 વાળો તકરારી ચેક તા.૨૦/૧૨/૨૦૨૩ના રોજનો છે અને તે ચેક તા.૨૦/૧૨/૨૦૨૩ના રોજ સમયમયાર્દામાં બેંકમાં ભરાયેલ છે અને રીર્ટન થયેલ છે જેથી ફરીયાદપક્ષે પરંતુક–(એ)નું પાલન થયેલ હોવાનું સાબીત થાય છે.

પરંતુક (બી) ધ્યાને લેવામાં આવે તો, ચેક પરત આવ્યાથી દિન–૩૦માં ચેકની રકમની માંગણી કરતી નોટીશ આરોપીને ફરીયાદીએ આપેલી હોવી જોઇએ.આ કામે ફરીયાદીપક્ષે રજુ કરેલ આંક–21 વાળો રીટર્ન મેમો જોતા તે તા.૨૧/૧૨/૨૦૨૩ના રોજ પરત ફરેલો છે અને જેમાં કોડ નં.01 મુજબ “Funds insufficient”ના શેરા સાથે પરત આવેલ છે.જયારે આંક–22 વાળી નોટીશ તા.૧૨/૦૧/૨૦૨૪ના રોજ આરોપીને આપવામાં આવેલી છે,એટલે કે ફરીયાદીને ચેક પરત થયાની જાણ થયાના દિન–૩૦માં આરોપીને નોટીશ આપેલ છે તે નોટીશ આરોપીના સરનામે બજી ગયેલાનું સ્પષ્ટ થાય

છે,જેથી ફરીયાદપક્ષે પરંતુક–(બી)નું પાલન થયેલ હોવાનું સાબીત થાય છે. વધુમાં, પરંતુક (સી) મુજબ આરોપીને આંક–ધ્યાને લેવામાં આવે તો,આંક–22 વાળી નોટીશ તા.૧૨/૦૧/૨૦૨૪ના રોજ આરોપીને આપવામાં આવેલી છે,એટલે કે ફરીયાદીને ચેક પરત થયાની જાણ થયાના દિન–૩૦માં આરોપીને નોટીશ આપેલ છે તે નોટીશ આરોપીના સરનામે ન હોય તેવા શેરા સાથે અસલ કવર પર આવેલ છે અને આ નોટીશ મળ્યાથી દિન–૧૫માં તે ચેકના નાણા ચુકવવામાં આરોપી નિષ્ફળ ગયેલ છે અને આ કામે આરોપીએ આવી કોઈ રકમ ચુકવી આપેલ હોય તેવો બચાવ પણ લીધેલ નથી. જેથી ફરીયાદપક્ષે પરંતુક–(સી)નું પાલન થયેલ હોવાનું અને આરોપી પક્ષે તેનુ પાલન કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું સાબીત થાય છે.

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૪૨(બી) વંચાણે લેતા તમામ આજ્ઞાત્મક પૂર્વ શરતોનું પાલન કર્યા બાદ દાખલ કરવામાં આવેલ છે જે ફરીયાદ મુદતમાં છે જેનો કોઈ બાધ નડતો નથી.

<u>કાયદાકીય છણાવટો તથા પુરાવાની છણાવટ અને તારણો</u>

**(૧૧)** આ કામના આરોપી સામે જયારે ધી નેગો.ઈન્સ.એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાનું તહોમત છે ત્યાર સદર કાયદાની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ મુજબના ગુનાના સબબના આવશ્યક તત્વો લક્ષમાં લેવા જરૂરી જણાય છે.

**S. 118 Presumptions as to negotiable instruments**

Until the contrary is proved, the following presumptions shall be made:

a. **of consideration;** that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted,

indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

b. **as to date**; that every negotiable instrument bearing a date was made or drawn on such date;

c. **as to time of acceptance**; that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

d. **as to time of transfer**; that every transfer of a negotiable instrument was made before its maturity;

e. **as to order of indorsements**; that the endorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

f. **as to stamp**; that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

g. that holder is a holder in due course; that the holder of a negotiable instrument is a holder in due course: Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an SP offence or fraud, or has been obtained from the maker or

acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burthen of proving that the holder is a holder in due course lies upon him.

**S. 139 Presumption in favour of holder**

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.

ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટની કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબનું અનુમાન કે જે ફરીયાદીની તરફેણમાં કરવાનું હોય છે. ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટની એકટની કલમ–૧૩૯ મુજબનું અનુમાન કે જે ફરીયાદીની તરફેણમાં કરવાનું હોય છે તે એબ્સોલ્યુટ નથી અને તેનું ખંડન કરી શકાય છે અને તેનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે છે અને ફરીયાદપક્ષે પોતાનો કેસ નિશંકપણે પુરવાર કર્યા પછી આરોપીએ ધી નેગોશીયેબ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૧૮,૧૩૯ના અનુમાનનું ખંડન કરતો પ્રોબેબલ પુરાવો રજુ કરવાનો હોય છે એટલે કે, ફરીયાદપક્ષ પુરાવામાં આરોપી પક્ષને કેસના સંજોગો અનુસાર પ્રોબેબલ ડીફેન્સ રેકર્ડ પર લાવવાનું પુરવાર કરે તો આરોપીને શંકાનો લાભ ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર મળવો જોઇએ.

આમ, ઉપરોકત જોગવાઇઓ ધ્યાને લેતા,જો વિરુધ્ધનું પુરવાર કરવામાં ન આવે તો આરોપીએ આપેલ ચેકએ પોતાની કાયદેસરની જવાબદારી અદા કરવા માટે આપેલ છે તેવું અનુમાન કરવાની જોગવાઇ જે પુરતુ અનુમાન કયાં સુધી થઇ શકે તે નામદાર

સર્વોચ્ચ અદાલતના રંગપ્પા વિ.મોહન એઆઈઆર ૨૦૧૦ એસસી ૧૮૯૮માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવા જરુરી છે જે નીચે મુજબ છે.

14. In light of these extracts, we are in agreement with the respondent-claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat (supra) may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it was based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the complainant. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the accused/defendant cannot be expected to discharge an unduly high standard or proof. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to

rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of 'preponderance of probabilities'. Therefore, if the accused is able to raise a probable defense which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defense and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own.

નામદાર સર્વોચ્ચ અદાલતના **Basalingappa Vs Mudibasappa, 09 Apr 2019, 2019 0 AIR(SC) 1983, 2019 0 Supreme(SC) 423.**માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવા જરુરી છે જે નીચે મુજબ છે.

"26. In light of these extracts, we are in agreement with the respondent claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat, may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it was based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the complainant.

22. The above case was a case where this Court did not find the defence raised by the accused probable. The only defence raised was that cheque was stolen having been rejected by the trial court and no contrary opinion having been expressed by the High Court, this Court reversed the judgment of the High Court restoring the conviction. The respondent cannot take any benefit of the said judgment, which was on its own facts. Para 23. We having noticed the ratio laid down by this Court in above cases on Sections 118(a) and 139, we now summaries the principles enumerated by this Court in following manner:,

(i) **Once the execution of cheque is admitted Section 139 of the act mandates a presumption** that the cheque was for the discharge of any debt or other liability.

(ii) The presumption under **Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.**

(iii) To rebut the presumption, it is open for the **accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence.** Inference of preponderance of probabilities can be drawn not only from **the materials brought on record by the parties but also by reference to**

**the circumstances upon which they rely**.

(iv) That it is not necessary for **the accused to come in the witness box in support of his defence,** Section 139 imposed an evidentiary burden and not a persuasive burden,

(v) It is not necessary for the accused to come in the witness box to support his defence.

આમ, ઉપરોકત બંને જોગવાઈઓ અને નામદાર સર્વોચ્ચ અદાલતની ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લેતા એવું ફલીત થાય છે કે,ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ની જોગવાઈ મુજબ આરોપીએ આપેલ ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ છે, તેવું પ્રાથમીક અનુમાન થાય છે અને તેના ખંડનની જવાબદારી આરોપીના શીરે છે. આરોપી આ અનુમાનના ખંડન માટે પુરાવો આપી શકે અથવા ફરીયાદીએ રજુ કરેલા પુરાવા પર આધાર રાખી પોતાનો બચાવ રજુ કરી શકે. આરોપીએ પુરાવો રજુ કરવો આવશ્યક નથી, પરંતુ અનુમાનના ખંડન કરવાની જવાબદારી આરોપી પર છે અને જો આરોપી આ અનુમાનનું ખંડન થાય તેવો પુરાવો કે હકીકતો રેકર્ડ પર લાવીને અનુમાનનું ખંડન કરવામાં સફળ થાય તો આરોપીએ આપેલ ચેક એ કાયદેસરના દેવા કે જવાબદારી પેટે આપેલ છે અને દેવું કાયદેસરનુ છે તેવી હકીકત શંકાથી પર અને કાયદેસર રીતે સાબીત કરવાની જવાબદારી ફરીયાદપક્ષે થાય છે અને સદર આરોપીએ અનુમાનનું ખંડન શંકાથી પર અને કાયદેસર રીતે કરવાનું હોતુ નથી. પ્રોબેબલ સંજોગો કે સંભાવના રેકર્ડ પર લાવવાના હોય છે અને વધુમાં જો આરોપી તેના વિરુધ્ધ કરવામાં આવેલ અનુમાનનું ખંડન કરવામાં અસફળ રહે તો માત્ર અનુમાનના આધારે આરોપીને

તકસીરવાન ઠરાવી શકાય અને જો આરોપી અનુમાનનું ખંડન કરવામાં સફળ રહે તો ત્યાર બાદ પુરાવાનો બોજો ફરી ફરીયાદી પર પોતાનો કેસ શંકાથી પર સાબીત કરવાનો રહે છે. આ કામે ઉપરોકત બંને જોગવાઈઓ અને નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાના ઉપરોકત સિધ્ધાંતોને ધ્યાનમાં રાખી આ કામે પુરાવાનું મુલ્યાંકન કરવું આવશ્યક છે.

(૧૨.૧) આરોપી તરફે જે મહત્વના બચાવ લીધેલ છે તે બચાવની ચર્ચા કરીએ તો આરોપીએ આવી કોઈ લોન લીધેલ નથી અને આ કામે ફરીયાદપક્ષે ઠરાવ,ધીરાણ અંગેની અરજી,કરારખત,જામીનકરાર,કરજખત,પ્રોમીસરી નોટ આંક–૧૩થી આંક–૧૮ના રજુ રાખેલ તે અંગે આરોપીએ તેમા કરેલ સહી બાબતે કોઈ તકરાર લીધેલ નથી કે તેમાં જણાવેલ હકીકતોએ તેઓને લોન મળેલી ન હોય તેવી કોઈ તકરાર લીધેલ નથી અને આંક–૧૭વાળા કરજખત ધ્યાને લેતા આરોપીએ કરજખતની રકમ ચેક ૧૦૦૦૯૧ તેઓને ફરીયાદીમંડળી તરફથી મળેલ હોય તેવું સ્વીકારેલ છે અને જે ધ્યાને લેતા આ કામના આરોપીએ હાલની લોન લીધેલાનું પુરાવાર થાય છે.આ કામે આરોપીએ આંક–૧૮થી પ્રોમીસરી નોટ ધ્યાને લેતા આરોપી દ્રારા રૂા.૨૦૦,૦૦૦/–ની લોન લીધેલાનું કબુલ કરેલ છે તે હકકીતોનું આરોપીપક્ષે કોઈ ખંડન કરી શકેલ નથી. આ કામે આંક– 19 વાળા ચેકમાં આરોપીની સહી હોવા બાબતે કોઈ તકરાર લેવામાં આપેલ નથી અને જો આરોપનો એવો બચાવ હોય કે હાલનો વાદગ્રસ્ત ચેક ફરીયાદીએ યેનકેન પ્ર કારે મેળવી તેનો દુરુઉપયોગ કરેલ છે તો તો આરોપીનો હાલનો આંક–૧૯વાળો ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવેલ છે અને જો ચેક ગુમ થયેલ છે કે ચોરાઈ ગયેલ છે તો તે અંગે આરોપીએ પોલીસ સ્ટેશનમાં કોઈ અરજી અહેવાલ કે ફરીયાદ આપેલ હોય તેવો કોઈ પુરાવો બચાવપક્ષે રજુ કરેલ નથી અને આરોપીએ સદર ચેકનું કોઈ સ્ટોપ પેમેન્ટ પર પોતાની બેંક દ્રારા કરાવેલ નથી કે કોઈ જાહેર નોટીશ પ્ર

સિધ્ધ કરાવેલ હોય તેવી હકીકત પણ રેકર્ડ પર લાવી શકેલ નથી કે એવી કોઈ રજુઆત પણ નથી. **<u>આ તબકકે નામદાર સુપ્રીમ કોર્ટે એમ.અબ્બાસ હાજી વિ. ટી.એન.ચન્નાકેશવા ફોજદારી અપીલ નં.૬૬૪/૨૦૧૨(સુ.કો.) તા.૧૯/૦૯/૨૦૧૯</u>**માં એવો સિધ્ધાંત સ્થાપીત કરેલ છે કે,ચેકનું હસ્તાંતરણ કેવી રીતે થયું તે આરોપીએ સંતોષકારક રીતે પુરવાર કરવું પડે અને તેના અભાવે અન્ય લીધેલ બાબતો મહત્વની ગણી શકાય નહી.આમ,આરોપીએ લીધેલ બચાવ માત્રથી ફરીયાદપક્ષની હકીકતોનું ખંડન થયેલ ગણી શકાય નહી. તે રીતે ફરીયાદી ઉલટતપાસમાં બચાવપક્ષને મદદ મળે તેવા કોઈ સબળ તથ્ય રેકર્ડ પર લાવી શકેલ નથી.ફરીયાદપક્ષના કેસની હકીકતો વિરુધ્ધ અનુમાન કરી શકાય તેવો માનવાલાયક પુરાવો બચાવપક્ષ રજુ કરેલ નથી અને આરોપીએ જયારે ચેકમાં પોતાની સહી હોવા અંગે કોઈ તકરાર લીધેલી ન હોય અને કબુલ કરેલ છે ત્યારે એ ફરીયાદીના લેણાની ચુકવણી પેટે આપેલ હોવાનું માનવાને કારણ છે અને આરોપીએ લીધેલ લોન પુરી કરી આપેલ હોય તેવો બચાવ લીધેલ નથી કે કે ફરીયાદી તરફથી નો ડયુ સટીફીકેટ મળેલ હોય તો તે પણ રજુ કરેલ નથી કે એવો કોઈ પુરાવો રજુ કરેલ નથી ત્યારે આંક-૧૮વાળી પ્રોમીસરી નોટ ધ્યાને લેતા તેઓનો વ્યવહાર વીશે ફરીયાદમાં અને પુરાવાના સોંગદનામામાં સમર્થન કરેલ છે અને હાલનો ચેક તેઓએ ફરીયાદીને જાણ કરીને બેંકમાં વટાવવા નાખેલાનું જણાવેલ છે.તાજેતરમાં નામદાર સર્વોચ્ચ અદાલતે પી. રસીયા વિ. અબ્દુલ નજીરના ચુકાદામાં એવું પ્રસ્થાપીત કરેલ છે કે, **The court held that due to the presumption under Sec.139,Once signature and cheque are not in dispute,it will be presumed that cheque was issued for discharge of debt or liability in favour of complainant.**આમ,આરોપી સદર કલમ-૧૩૯ની જોગવાઈઓનું ખંડન કરી શકેલ હોવાનું જણાઈ આવતું નથી.આમ

કલમ–૧૩૯ની જોગવાઇઓ અનુસારના અનુમાનો ફરીયાદીની તરફેણમાં હોવાનું જણાય છે.

(૧૨.૨) આ કામે આરોપીએ અન્ય એવો બચાવ લીધેલ છે કે,આ કામના આરોપીને નોટીશની બજવણી થયેલ નથી આમ નેગોશીયેબલ એકટની કલમ–૧૩૮(બી)નું પાલન કરવામાં આવેલ નથી.આ કામે આ કામે આંક–૨૨વાળી નોટીશ તા.૧૨/૦૧/૨૦૨૪ના રોજ આ કામના આરોપીને પોસ્ટ દ્રારા મોકલવામાં આવેલ હોય તેવું આંક–૨૩વાળી પોસ્ટની પાવતી પરથી ફલીત થાય છે અને અને આંક–૨૨વાળુ કવર ધ્યાને લેતા તેમાં 'ઈનકરેકટ'એવા શેરા સાથે અસલ કવર પરત આવેલ હોવાનું જણાય છે.આ તબકકે નામ.સર્વોચ્ચ અદાલતના સી.સી. અલાવી હાજી વિ. પાલાપટ્ટી મુહંમદ અને બીજાઓ એ.આઈ.આર. ૧૯૯૨ સુપ્રિમ કોર્ટ ૬૦૪માં નામદાર સુપ્રીમ અદાલતે ઠરાવેલ છે કે,જનરલ કલોઝીઝ એકટની કલમ–૨૭ અન્વયે જયારે નોટીશ રજી. પોસ્ટ દ્રારા ડ્રોઅરના સરનામે મોકલવામાં આવેલ હોય અને તે Refused,not available in the house,house locked,shop closed,addressee not in station,due service has to be presumed unless and until contrarty is proved by addressee એટલે કે,કાયદામાં ઠરાવ્યા મુજબની લીગલ નોટીસ યોગ્ય સરનામે મોકલવામાં આવી હોય તો પણ જનરલ કલોઝીઝ એકટની કલમ–૨૭ મુજબ નોટીસની બજવણી થયેલ હોવાનું માન્ય ગણી શકાય અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪(એફ) મુજબ તેની બજવણી થયેલી ગણી શકાય અને આ અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપી પર રહેલો છે નેગોશીયેબલ એકટની કલમ–૧૩૮(બી)નો હેતુ ઈમાનદાર ડ્રોઅરને એક તક આપવાનો છે,અને જો આરોપીપક્ષ એવો બચાવ લેતા હોય કે નોટીશ તેઓને બજેલ નથી તો તેઓએ કોર્ટ સમક્ષ હાજર થયેથી ચેક મુજબની લેણી રકમ ભરપાઈ કરવી આપવી જોઈએ.હાલના કેસમાં આરોપી કવરમાં દશાર્વેલ સરનામુ તેઓનું નથી કે તે ખરુ નથી તેવું કોઈ ખંડન કરી શકેલ નથી

કે તેઓને અદાલત સમક્ષ હાજર થયેથી ચેક મુજબની રકમની ભરપાઈ પણ કરેલ નથી તેવા સંજોગોમાં આ કામના આરોપીને નોટીસ બજેલ નહી હોવાની દલીલ ગ્રાહય રાખવાપાત્ર નથી.

(૧૩) આ કામે ફરીયાદી દવારા રજુ કરવામાં આવેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓની હકીકતો આ કામના આરોપી દવારા ફરીયાદીને ઉછીની આપવામાં આવેલ રકમની પરત ચુકવણી સારુ હાલના કામે આંક–19 થી રજુ ચેક ફરીયાદીની તરફેણમાં ઈશ્યુ કરવામાં આવેલ તે હકીકત ફરીયાદ પુરવાર કરી શકેલ હોવાનું જણાઈ આવે છે. આમ,હાલના કામે આંક–19 વાળો ચેક આરોપીએ કાયદેસરની લેણી રકમ અદા કરવા સારુ આપેલ હોવાનું પુરવાર થાય છે.આમ,ઉપરોકત ચર્ચા મુજબ જયારે હાલની ફરીયાદ નિયત સમયમયાર્દામાં દાખલ કરવામાં આવેલ હોય અને જયારે નેગોશીયેબલ એકટની કલમ–૧૩૮(એ)(બી)ની જોગવાઈઓનું પાલન કરવામાં આવેલ હોય તેવું ફલીત થાય છે અને જયારે કલમ–૧૩૮(સી) હેઠળ આરોપીએ ફરીયાદીને આ કામે લેણા પેટેની ચેકની રકમ મુજબની કોઈ રકમ ચુકવવામાં આવેલ હોય તેવી હકીકત આરોપી તફે પુરવાર થતી ન હોય ત્યારે ચેક મુજબની રકમ આરોપી પાસેથી લેણી નીકળતી હોવાનું પુરવાર થાય છે. આમ, સમગ્રપણે ધી. નેગો.ઈન્સ. એકટ સબબના આવશ્યક તત્વો આરોપી વિરુઘ્ઘ ફલીત થાય છે તેવી હકીકત ફરીયાદી આરોપી વિરુઘ્ઘ પુરવાર કરી શકેલાનું જણાય છે,ત્યારે આરોપી દ્બારા ઉઠાવવામાં આવેલ દલીલો ઘ્યાને લેતા તે આરોપીપક્ષને મદદરૂપ થતી ન હોય અને આરોપી તફે કાયદા મુજબના અનુમાનોના સબંઘે કોઈ ખંડનાત્મક પુરાવો રજુ કરી શકેલ નથી કે જેથી ફરીયાદીની તરફેણમાં રહેલ કાયદાકીય અનુમાનોનું ખંડન થાય જેથી ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં સફળ રહેલા છે તે સ્વીકારવાનું રહે છે.આ કામે આરોપીપક્ષે (૧) ડી.સી.આર.૨૦૧૪(૩) પેઈઝ નં.૧૫૬વાળો નામદાર પંજાબ હાઈકોર્ટનો અજય ઈન્ડ્રસ્ટ્રીઝ વિ.ગુલશાન રાય મલ્હોત્રાના ચુકાદા પર આધાર રાખેલ છે જે કેસમાં ફરીયાદીએ દશાર્વેલ સરનામામાં કોઈ શેરી નંબર

કે ઘરના નંબર દશાર્વેલા ન હતા જયારે હાલના કેસમાં ફરીયાદીએ પોતાની ફરીયાદમાં ચોકકસ ફલેટના નંબર દશાવેલા છે અને આ કામે ફરીયાદીએ દશાર્વેલ સરનામુ ખોટુ છે તેવો આરોપીપક્ષનો બચાવ પણ ન હોય જેથી હાલનો ચુકાદો આરોપીપક્ષને મદદરૂપ થતો નથી અને આરોપીપક્ષે અન્ય ચુકાદો (૨) વિજયકુમાર મીશ્રા વિ. સ્ટેટ ઓફ યુપી. ડી.સી.આર.૨૦૨૦(૨) પેઈઝ નં.૭૦ના પર આધાર રાખેલ છે ત્યારે સદરહુ ચુકાદામાં ફરીયાદ ૧૫ દીવસના સમયગાળામાં દાખલ કરવામાં આવેલ જેથી કાયદાકીય જોગવાઈનો ભંગ થયેલ જયારે હાલના કેસની હકીકતો આ ચુકાદાના કેસની હકીકતોથી અલગ હોય જેથી આ ચુકાદો હાલના કેસનો લાગુ ન પડતો હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે.

<u>મુદા નં. –૨</u>

(૧૪) આમ,આ કામે આરોપી વિરુધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટની કલમ–૧૩૮ મુજબના તમામ તત્વો સાબીત થયેલા છે.આ કામે ફરીયાદપક્ષે તેમના સોંગદનામામાં તથા રજુ થયેલા દસ્તાવેજોને આધીન નેગો.ઈન્સ. એકટની કલમ–૧૧૮ તથા ૧૩૯ના અનુમાનો મુજબ પોતાનો કેસ પુરવાર કરેલ છે અને આરોપીપક્ષે ઉપરોકત ચર્ચા અને તારણો મુજબ કોઈ ખંડનાત્મક ઠોસ સ્વીકારી શકાય તેવો પુરાવો રજુ કરેલ નથી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ મુદા નં.૧નો જવાબ હકારમાં આપી મુદા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: હુકમ ::

આથી આ કામના આરોપી–**દમયંતીબેન ઘન્શ્યામભાઈ સિંઘવ,**રહે. એ/૪૦૩, શુકન સાઈન સીટી, જીએસટી ક્રોસીગ પાસે, અન્યુ રાણીપ અમદાવાદ નાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટની કલમ–૧૩૮ મુજબના શીક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

આ ઠરાવ આજરોજ તા.૨૭મી જાન્યુઆરી,૨૦૨૫ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુકામ : બગસરા (સુનિલકુમાર એમ.પટેલ)

તા.૨૭/૦૧/૨૦૨૫ જયુડિશ્યિલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ

બગસરા.(કોડ નં.- જીજે-૦૧૭૦૪)

<u>સજા અંગે સુનવણી : -</u>

આરોપીના વિ.વ.શ્રીને સજા અંગે સુનવણીની તક આપવામાં આવે છે,પરંતુ આરોપી ગેરહાજર છે અને તેઓના વિ.વ.શ્રી હાજર છે તેઓ જણાવે છે કે આરોપી સ્ત્રી ઈસમ હોય મોટી ઉંમરના હોય અને તમામ જવાબદારી તેમના પર હોય,જેથી ઓછી સજા કરવા અરજ કરેલ છે.

ફરીયાદીના વિ.વ.શ્રીને સજા અંગે સુનવણીની તક આપવામાં આવે છે ત્યારે તેઓ મૌખીક રજુઆત કરેલ છે કે આ કામના આરોપીએ અવારનવાર લોન લઈ અમદાવાદ મુકામે જતા રહેલ છે અને તેઓ વિરુધ્ધ ઘણા કેસો અલગ અલગ અદાલતોમાં ચાલે છે અને આ કામે ફરીયાદી મંડળી દ્રારા લોન સામાન્ય જનતાના જમા કરેલ પૈસામાંથી આપવામાં આવે છે તેમાં જો લોનધારક દ્રારા તેની રકમ ચુકવવામાં ન આવે તો મંડળીને નુકશાન થાય અને મંડળીએ પોતાના ડીપોઝીટ ધારકોને વ્યાજની ચુકવણી કરવાની જ હોય છે તેથી આરોપીને ચેકથી બમણી રકમ વળતર તરીકે વ્યાજ સાથે ચુકવવાનો અને વધુમાં વધુ સજા કરવા અરજ કરેલ છે.

ન્યાયની અદાલતે ન્યાય કરતી વખતે માત્ર ફરીયાદપક્ષનો કેસ સાબીત થાય તેટલુ જ જોવાનું નથી પરંતુ ગુન્હેગારે કરેલ ગુન્હા બદલ ફરીયાદીને સંતોષકારક ન્યાય મળે અને ગુન્હો કરે તેને સજા મળે તેવી ભાવના સમાજમાં સુપ્રસ્થાપીત થાય તેથી પણ ગુન્હેગારને સજા થાય તે જોવાની અત્રેની અદાલતની પવિત્ર ફરજ છે અને તેને કાયદામાં ઠરાવેલ યોગ્ય શીક્ષા કરવી ન્યાયોચીત છે. આ કામે તકસીરવાન ઠરાવવામાં આવેલ આરોપીએ ફરીયાદી સાથેના લેણાની રકમ ચુકવી આપવાની નોટીશથી આજદિન સુધીનો સમય મળેલ હોવા છતા ચુકવેલ નથી અને ફરીયાદીને સદરહુ ચેક રીર્ટન થયેલ હોવાથી થયેલ નુકશાનને ધ્યાને લેતા,જયારે કેસ ગુણદોષ

પર ચાલી ગયેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય ત્યારે ગુન્હાને હળવાશથી લઇ શકાય તેમ નથી આરોપી સ્ત્રી ઈસમ હોય મોટી ઉમરના હોય અને તમામ જવાબદારી તેમના પર હોય તેનાથી તે જવાબદારીમાંથી છટકી શકે નહી અને આરોપીએ ફરીયાદીને નાણા ન ચુકવીને નાણાકીય નુકશાન ફરીયાદીને કરેલાનું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે અને જે નુકશાન ભરપાઈ કરવાની જવાબદારી આરોપીના શીરે છે તેથી ફરીયાદી વળતર મેળવવા હકદાર થાય છે અને હાલના કેસમાં ફરીયાદીપક્ષને રકમ નહી ચુકવીને પોતે કરેલ અપરાધનો પસ્તાવો કરવાનો સમય મળે અને કાયદેસરની લેણી રકમ ચુકવી આપવામાં કસુર કરવાથી કેદની સજા ભોગવવી પડે તેવો અહેસાસ થાય તે માટે છ માસ જેટલો સમય વાજબી જણાય છે. નાણાકીય બાબતનો ગુન્હો હોય તેની સખ્ત કેદની સજા નહી કરતા સાદી કેદની સજા કરવાનું ઉચીત જણાય છે અને સાથોસાથ ફરીયાદીને વળતરનો હુકમ પણ કરવામાં આવે તો ન્યાયની વિભાવના પણ જળવાઇ રહેશે તેમ જણાય છે. જેથી ઉપરોકત ચર્ચા અનુસાર મુદા નં.ર પરતવે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

:: હુકમ ::

(૧) આ કામના આરોપી–**દમયંતીબેન ઘન્શ્યામભાઈ સિંધવ,**રહે. એ/૪૦૩, શુકન સાઈન સીટી, જીએસટી ક્રોસીગ પાસે, અન્યુ રાણીપ અમદાવાદ નાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ મુજબના શીક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી છ માસની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭ સાથે વાંચતા કલમ–૪૨૧,૪૩૧ તથા ક્રિમીનલ મેન્યુઅલ પેરા ૨૦૯ મુજબ તકસીરવાન આરોપીએ આ કામના ફરીયાદીને વળતરપેટે ચેકની રકમ રૂા.1,54,010/– (અંકે રૂપીયા એક લાખ ચોપન હજાર દસ પુરા) ચુકવી આપવા.

(૩) ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૬ અન્વયે આ હુકમની એક નકલ આરોપીને વીના મુલ્યે પુરી પાડવી.

(૪) આરોપીએ કોઇ જામીન ભરેલા હોય તો તે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(પ) આરોપી આજરોજ ચુકાદાના દિવસે હાજર ન હોય તેમજ મુકિત અરજી રજુ ન હોય આરોપી વિરૂધ્ધ આ સજાના અમલ સંબંધેનું બીનજામીનલાયક વોરંટ પ્રોસેસ ફી ભર્યેથી ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ ઠરાવ આજરોજ તા.ર૭મી જાન્યુઆરી,ર૦રપના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુકામ : બગસરા (સુનિલકુમાર એમ.પટેલ)

તા.ર૭/૦૧/ર૦રપ જયુડિશ્યિલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ

બગસરા.(કોડ નં.– જીજે–૦૧૭૦૪)